પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૦૦, કુલ પાના:૪, તારીખ: ૧૯-૦૪-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 200 PRICE :-RS. 1.50 DATE : 19-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાથી સૌથી પ્રભાવિત દેશોની યાદીમાં અમેરિકા પછીના બીજા ક્રમે ભારત

# કોરોનાની રેકોર્ડ છલાંગ, દેશમાં ૨.૬૦ લાખથી વધુ નવા કેસ, ૧૪૯૫ના મોત

ન્યુ દિલ્હી,

કોરોના મહામારી દિવસેને દિવસે વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે અને છેલ્લા ૨૪ કલાકમાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. વર્લ્ડોમીટરના અહેવાલ પ્રમાણે ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાના ૨,૬૦,૭૭૮ નવા કેસ સામે આવ્યા છે અને ૧,૪૯૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.



વર્લ્ડોમીટરના અહેવાલ પ્રમાણે અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાંથી કોરોનાના કુલ ૧૪,૧૩,૦૫,૨૩૭ કેસ સામે આવ્યા છે અને ૩૦,૨૩,૮૭૧ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. સમગ્ર વિશ્વમાં કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા ૧૧,૯૯,૧૮,૧૮૮ થઈ ગઈ છે. જ્યારે સમગ્ર વિશ્વમાં સક્રિય કેસની સંખ્યા ૧,૮૩,૬૩,૧૭૮ છે. કોરોનાથી સૌથી પ્રભાવિત દેશોની યાદીમાં ભારત બીજા નંબરે છે. આ યાદીમાં અમેરિકા ટોચ પર છે અને અત્યાર સુધીમાં અમેરિકામાં કોરોનાના કુલ ૩,૨૩,૭૨,૧૧૯ કેસ નોંધાયેલા છે. અત્યાર સુધીમાં કોરોનાએ અમેરિકામાં ૫,૮૦,૭૫૬ લોકોનો ભોગ લીધો છે. ૨,૪૯,૦૫,૩૩૨ અમેરિકનો કોરોનાને માત આપીને સાજા થઈ ચુક્યા છે અને અમેરિકામાં હાલ સક્રિય કેસની સંખ્યા ૬૮,૮૬,૦૩૧ છે. મહારાષ્ટ્રમાં ૬૭,૧૨૩ નવા દર્દીઓ મળી આવ્યા હતા. ૫૬,૭૮૩ દર્દીઓ સ્વસ્થ થયા અને ૪૧૯ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૭.૭૦ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૩૦.૬૧ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫૯,૯૭૦ મૃત્યુ પામ્યા છે. હાલમાં અહીં લગભગ ૬.૪૮ લાખ લોકોની સારવાર કરવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશમાં ૨૭,૩૬૦ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૬,૪૨૯ લોકો સ્વસ્થ થયા અને ૧૦૩ લોકો મૃત્યુ પામ્યા. અહીં સુધીમાં ૭.૯૩ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૬.૩૩ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૯,૫૮૩ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૧.૫૦ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.


દિલ્હીમાં ૨૪,૩૭૫ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ૧૫,૪૧૪ લોકો સ્વસ્થ થયા અને ૧૬૭ લોકો મૃત્યુ પામ્યા. અહીં સુધીમાં ૮.૨૮ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. આમાંથી ૭.૪૬ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૧,૯૬૦ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અહીં ૬૯,૭૯૯ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. છત્તીસગઢમાં કોરોનાના ૧૬,૦૮૩ નવા કેસ નોંધાયા હતા. આ દરમિયાન ૯,૮૨૮ લોકો સાજા થયા અને ૧૩૮ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં ૧.૩૦ લાખ લોકોની સારવાર ચાલી રહી છે. કુલ ૩.૯૬ લાખ લોકો સાજા થયા છે,જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૭૩૯ પર પહોંચી ગયો છે. મધ્યપ્રદેશમાં ૧૧,૨૬૯ લોકો પોઝિટિવ સામે આવ્યા હતા. ૬,૪૯૭ લોકો સાજા થયા અને ૬૬ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૩.૯૫ લાખ લોકોને સક્રમણ લાગ્યું છે. જેમાંથી ૩.૨૭ લાખ લોકો સાજા થયા છે. ૪,૪૯૧ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૬૩,૮૮૯ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

ગુજરાતમાં ૯,૫૪૧ લોકો કોરોના પોઝિટિવ સામે આવ્યા હતા. ૩,૭૮૩ લોકો સાજા થયા અને ૯૭ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૩.૯૪ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩.૩૩ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૫,૨૬૭ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા. અહીંયા ૫૫,૩૯૮ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

## અંતે નિતિન ભાઈએ સ્વીકાર્યું, તમામ હોસ્પિટલ હાઉસફૂલ, ૧૦૮માં ૩૦૦-૪૦૦ કોલ વેઈટિંગમાં

અમદાવાદ

રાજ્યમાં કથળેલી કોરોનાની સ્થિતિને લઈ આજે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું કે, રાજ્યમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. રોજ ૯૦૦૦થી વધુ કેસો આવે છે. બીજી લહેરમાં કોઈ જિલ્લા કે તાલુકામાં કેસ નથી એવું રહ્યું નથી. બેડ, ઓક્સિજન સહિતની સુવિધાઓ આપવામાં આવી રહી છે. દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. નવી વ્યવસ્થા ઉભી કરીએ છીએ તેના કરતાં જરૂરિયાત વધુ છે. દર્દીઓ માટે હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં જગ્યા ઓછી છે. ૧૨૦૦ બેડ હોસ્પિટલ ફુલ થઈ ગઈ છે એક પણ નવા દર્દીને દાખલ કરી શકાય એમ નથી.



નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, બધી હોસ્પિટલમાં બેડ ભરેલા છે. ઓક્સિજન લેવલ ૯૫થી ઘટી જાય તો જ હોસ્પિટલમાં દાખલ થાય તેવી વિનંતિ છે. ૧૦૮માં ૩૦૦થી ૪૦૦ કોલ વેઈટીંગમાં છે. ક્યાં દર્દીને ક્યાં મોકલવા તેની વ્યવસ્થા IAS દિલીપ રાણાને સોંપી છે. બીજી હોસ્પિટલ દાખલ કરે કે ના કરે. જવાબદારી નિભાવે કે ન નિભાવે પણ સિવિલ હોસ્પિટલમાં આવેલા તમામ દર્દીઓને દાખલ કરવા પ્રયત્ન કરીએ છીએ.

નીતિન પટેલે આગળ કહ્યું કે, સિવિલ મેડિસીટી હોસ્પિટલમાં વધુ વધુ બેડ, ઓક્સિજન વધારવા, વેન્ટિલેટર, ઈન્જેક્શન આપવા વગેરે આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. તમામ સરકારી હોસ્પિટલો પર ખૂબ જ ભારણ આવ્યુંછે. ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફને અભિનંદન આપું છું. રજા વગર ૧૦૮, ડોક્ટરો અને સ્ટાફ રાત દિવસ કામ કરે છે. અત્યારે જે વેવ ચાલ્યો છે એ એટલે મોટા પ્રમાણમાં છે કે દર્દીઓ વધી રહ્યા છે. તમામ સુવિધા કરી રહ્યા છીએ.

આરોગ્ય મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, યુ.એન મહેતામાં રેસિડન્ટ ડોક્ટર હોસ્ટેલમાં ૭ દિવસમાં ૧૬૦ બેડ ઉભા કર્યા છે.યુ.એન.મહેતામાં હોસ્પિટલમાં ૧૬૦ બેડ શરૂ થતાં હવે ત્યાં દાખલ કરીશું. ઓક્સિજન બેડ, વેન્ટિલેટર, ઓક્સિજન વગેરેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આજથી જ આ હોસ્ટેલમાં કોરોનાના દર્દીઓને દાખલ કરવામા આવશે. ૧૨૦૦ બેડમાં જ્યાં ભીડ થાય છે એ ઓછી કરવા હવે અહીં હોસ્ટેલમાં ૧૦૮માં લાવવામાં આવશે. ૮૦ બેડ મંજુશ્રી હોસ્પિટલમાં શરૂ કરવામાં આવ્યા છે.કેન્સર હોસ્પિટલમાં પણ બીજા ૩૦ બેડ વધારવામાં આવશે. જે આવતીકાલ(૧૯ એપ્રિલ) સાંજ સુધીમાં શરૂ થશે.

AMC, સોલા મેડિકલ કોલેજમાં વ્યવસ્થા વધારવા પ્રયત્ન ચાલુ છે. એક અઠવાડિયામાં GMDC ગ્રાઉન્ડમાં હોસ્પિટલ શરૂ થશે. ૯૦૦ બેડની હોસ્પિટલ કેન્દ્ર સરકાર હેઠળ શરૂ થશે. મોટા ભાગના શ્વાસની તકલીફ વાળા આવે છે. માટે ઝડપથી ઓક્સિજન સાથે બેડ આપવામાં આવે તેવી વ્યવસ્થા કરીએ છીએ.

AMC, સરકારી અને ખાનગી હોસ્પિટલ બેડ ખાલી થાય એમ દાખલ કરી રહ્યા છીએ. ગમે તેટલી એમ્બ્યુલન્સની લાઈન લાગે બહાર ૧૦૮માં ઓક્સિજન ચાલુ રાખી અને જગ્યા મળે એટલે દાખલ કરીશું. રાજ્યમાં લગભગ મહાનગરો અને ૨૦ નગરમાં રાત્રી કર્ફ્યુ અમલમાં છે. ૨૫ કે ૩૦ ટકા લોકડાઉન ગણાય. ઘણા ગામડા, શહેરોમાં વેપારીઓ અને બજારો સ્વયંભુ બંધ રહે છે.

લોકડાઉન કરવું ઉપયોગી નહીં થાય. લોકો પોતાની જવાબદારી નહીં સમજે ત્યાં સુધી સંક્રમણ નહીં અટકે. અનેક જગ્યાએ સમાજ અને સંસ્થા તરફથી કોવિડ સેન્ટર બનાવવા રજુઆત કરવામા આવે છે. તમામ સમાજ સંસ્થાને અભિનંદન આપીએ છીએ.પરંતુ સ્ટાફ અને વ્યવસ્થા ઉભી કરવું પડે. ઓક્સિજન બેડ, વેન્ટિલેટર પણ જરૂર પડે. સારવાર માટે સ્ટાફ જોઈએ. જેમને શ્વાસની તકલીફ નથી એ હોમ આઈસોલેટ થાય. માત્ર ગંભીર પ્રકારના દર્દીઓ જ હોસ્પિટલમાં દાખલ થાય.

## આયુષ્માન ભારત તથા માં વાત્સલ્ય કાર્ડમાં કોરોનાની થશે કોરોનાની સારવાર

અમદાવાદ,

કોરોનાના વધી રહેલા કેસો મામલે હાઈકોર્ટ સરકારની કામગીરીથી નારાજ છે. આ અંગે સુઓમોટો નોંધ લેતાં હાઈકોર્ટે “કોવિડ નિયંત્રણમાં અનિયંત્રિત ઉછાળો અને સંચાલનના ગંભીર મુદ્દાઓ” શીર્ષક હેઠળ નવેસરથી જાહેરહિતની અરજી (PIL) નોંધીને ૧૨ એપ્રિલથી સુનાવણી હાથ ધરી છે. હાઈકોર્ટની સુઓમોટો પિટિશનમાં સરકારે ૧૫ એપ્રિલે આપેલા સોગંધનામામાં જણાવ્યું હતું કે, માં વાત્સલ્ય કાર્ડ અને આયુષ્યમાન ભારત કાર્ડમાં કોરોના સારવારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ત ૧૫મી એપ્રિલે સરકારે હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસ વિક્રમ નાથ અને જસ્ટીસ ભાર્ગવ કારિઆ સમક્ષ સોગંધનામું રજૂ કર્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, હાઈકોર્ટના સૂચન બાદથી જ સરકારે કોરોનાને રોકવા તાત્કાલિક અસરકારક નિર્ણયો લેવાના શરૂ કરી દીધા હતા. સાથે જ આયુષ્માન ભારત તથા માં વાત્સલ્ય કાર્ડ યોજનામાં કોવિડ-૧૯ની સારવારને પણ શામેલ કરવામાં આવી છે, તેમ જણાવ્યું હતું.

સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણયથી આયુષ્માન ભારત તથા માં વાત્સલ્ય કાર્ડ ધરાવતા કોરોનાગ્રસ્ત ગરીબ દર્દીઓ હવે પ્રાઈવેટ હોસ્પિટલમાં વધુ ખર્ચની ચિંતા કર્યા વિના પણ મફતમાં સારી સારવાર કરાવી શકશે. આ સાથે સરકારે સોગંધનામામાં જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનરો તથા રાજ્યભરમાં કલેક્ટરોને જરૂર પડવા પર કોઈ પણ હોસ્પિટલને હસ્તક કરવાની સત્તા આપવામાં આવી છે. વધુમાં હોટલો, હોસ્ટેલો તથા કોમ્યુનિટી હોલને કોવિડ કેર સેન્ટર્સમાં બદલવામાં આવી રહ્યા છે જેથી અસિમ્પ્ટોમેટિક અને હળવા લક્ષણોવાળા દર્દીઓને ત્યાં રાખી શકાય.

નોંધનીય છે કે, હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ ભાર્ગવ ડી. કારિઆની બેંચે ૧૨ એપ્રિલે સુઓમોટો હેઠળ નોંધેલી ન્ની સુનાવણી હાથ ધરી હતી. ગુજરાત સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી રજૂઆત કરી હતી, જેમાં ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમ, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ અને આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ સુનાવણીમાં ઓનલાઈન ભાગ લીધો હતો. હાઈકોર્ટની બેન્ચે આ સુનાવણીમાં સરકાર હાલ જે રીતે કોવિડ-૧૯ની સ્થિતિનું સંચાલન કરી રહી છે એની નીતિઓ અંગે ભારોભાર નારાજગી વ્યકત કરી હતી. હોસ્પિટલમાં લોકોને સારવાર મેળવવામાં, રેમડેસિવિર ઈન્જેક્શનની અછત તેમજ હજી પણ જાહેર સ્થળોએ વધુ સંખ્યામાં લોકોના ભેગા થવા અંગે હાઈકોર્ટે આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

## સરકારી હોય કે ખાનગી બધાનો ઉપયોગ કરો, કોરોનાની રસીની અછત દૂર કરો : મોદી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ કેસના રેકોર્ડ આંકડા સામે આવવાની વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમીક્ષા બેઠક કરી. તેમણે અધિકારીઓને વેકસીનનું ઉત્પાદન વધારવા માટે દરેક શકય પ્રયાસ કરવાનું કહ્યું. પીએમ મોદીએ કહ્યું કે વેકસીન માટે દેશની પૂરી ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવે પછી તે સરકારી હોય કે ખાનગી.



ટોચના અધિકારીઓની મીટિંગ મહામારીને નાથવાની તૈયારીઓ પર ચર્ચા કરવા માટે બોલાવામાં આવી હતી. તેમાં દવાઓ, વેન્ટિલેટર્સ, ઓક્સિજન અને વેકસીનેશન પર વાત થઈ. મોદીએ અધિકારીઓને કહ્યું કે એ રાજ્યોની સાથે સમન્વય બનાવામાં આવે જ્યાં કોવિડના કેસીસ વધુ છે. તેમણે કોવિડ દર્દીઓ માટે હોસ્પિટલોમાં બેડ વધારવાના પણ નિર્દેશ આપ્યા.

શનિવારના રોજ કેન્દ્રની મોટી ફાર્મા કંપનીઓ સાથે વાતચીત બાદ રેમડેસિવીર દવાના ભાવ ઓછા થઈ ગયા છે. પીએમે કોવિડ દર્દીઓની સારવારમાં ઉપયોગ થનાર દવાની ઉપલબ્ધતાની સમીક્ષા કરી. મોદીએ કહ્યું કે દવાઓની પૂરતી ઉપલબ્ધતા રહે તેના માટે સ્થાનિક ફાર્મા ઈન્ડસ્ટ્રીઝની પૂરી ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવે.

મોદીએ અધિકારીઓને કહ્યું કે તેઓ રિયલ-ટાઈમ સપ્લાય ચેન મેનેજમેન્ટ સાથે જોડાયેલા રાજ્યોના મુદ્દાને ઝડપથી ઉકેલે. તેમણે ફાર્મા પ્રોડકટસનો દુરૂઉપયોગ અને કાળાબજારીને રોકવા માટે પગલાં ભરવાની વાત પણ કહી.

વધતી ડિમાન્ડને જોતા પીએમે અપ્રૂવ્ડ મેડિકલ ઑક્સિજન પ્લાન્ટસના ઈંસ્ટોલેશનને ઝડપી કરવાનું કહ્યું. અધિકારીઓએ પીએમને માહિતી આપી કે એક લાખ સિલિન્ડર્સ પ્રાપ્ત કરવામાં આવે છે જે ઝડપથી રાજ્યોને સપ્લાય કરાશે. ૩૦ એપ્રિલ સુધીમાં સૌથી વધુ કેસવાળા ૧૨ રાજ્યોમાં સપ્લાયનો એક ડ્રાફ્ટ પણ તૈયાર કરાયો છે.

પ્રધાનમંત્રીએ વેન્ટિલેટર્સની ઉપલબ્ધતા અને સપ્લાયનું સ્ટેટસ પણ જાણ્યું. પીએમે કહ્યું કે એક રિયલ-ટાઈમ મોનિટરિંગ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. તેમણે રાજ્ય સરકારોને આ સિસ્ટમનો યોગ્ય ઉપયોગ કરવા માટે કહ્યું છે. પીએમે કહ્યું કે લોકોના જીવ બચાવા માટે ઝડપથી ટેસ્ટિંગ અને વ્યવસ્થિત રીતે ટ્રેકિંગ ખૂબ જ જરૂરી છે.

## કોરોના દુનિયામાં : ૨૪ કલાકમાં ૭.૮૩ લાખ નવા કેસ, ૧૧ હજારથી વધુનાં મોત

વોશિંગ્ટન,

સમગ્ર વિશ્વમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. ગઈકાલે વિશ્વમાં કોરોનાના ૭.૮૩ લાખ કેસ નોંધાયા હતા. આ દરમિયાન, ૧૧,૫૭૪ લોકો મૃત્યુ પામ્યા હતા. દુનિયામાં સૌથી વધુ કેસ હજી પણ ભારતમાં નોંધાઈ રહ્યા છે શનિવારે અહીં ૨.૬૦ લાખ નવા કેસ નોંધાયા હતા. આ પછી બ્રાઝિલમાં ૬૫,૭૯૨ અને અમેરિકામાં ૬૩,૫૮૧ નવા કેસ આવ્યા હતા. આ ઉપરાંત તુર્કીમાં ૬૨,૬૦૬ અને ફ્રાન્સમાં ૩૫,૮૬૧ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.

બીજી તરફ, બ્રાઝિલથી ફ્રાન્સ આવતા લોકો માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. ફ્રાન્સમાં મળેલ બ્રાઝિલિયન સ્ટ્રેનના કેસો બાદ બ્રાઝિલથી આવતા લોકોને ૧૦ દિવસ માટે ક્વોરેન્ટાઈનમાં રહેવું પડશે. આ નિયમ ૨૪ એપ્રિલથી અમલમાં આવશે. વડાપ્રધાન ઓફિસે આ માહિતી આપી હતી.

ઈઝરાઈલે દેશમાં કોરોનાના કારણે લગાવવામાં આવેલા પ્રતિબંધોને હળવા કરવાનું શરૂ કર્યું છે. રવિવારથી અહીં ખુલ્લી જગ્યા પર માસ્ક પહેરવાનું ફરજિયાત રદ કરવામાં આવ્યું છે. હાલમાં બંધ સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત રહેશે. અહીં અત્યાર સુધીમાં ૫૭.૫% વસ્તીને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

વિશ્વમાં અત્યાર સુધીમાં ૧૪ કરોડ ૧૩ લાખથી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૩૦ લાખ ૨૩ હજાર દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૧૧.૯૯ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે. હાલમાં ૧.૮૩ કરોડ લોકો સારવાર હેઠળ છે. તેમાંથી એક લાખ ૬ હજાર ૮૮૬ દર્દીઓની હાલત નાજુક છે અને ૧.૮૨ લાખ લોકોમાં કોરોનાનાં હળવા લક્ષણો છે.

## સંબંધો સુધરે તેવી શક્યતા, ભારત-પાક. વિદેશ મંત્રીઓ આબુધાબીમાં મળશે



ન્યુ દિલ્હી,

વિદેશ મંત્રી એસ. જયશંકર રવિવારે અબુધાબીની યાત્રાએ જશે. આ મુલાકાત દરમિયાન તેઓ દ્વિપક્ષીય સંબંધો વધારવા અને આર્થિક સહયોગ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વીટમાં લખ્યું હતું કે, પોતાના સમકક્ષ તરફથી મળેલા નિમંત્રણને લઈ વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર ૧૮ એપ્રિલ, ૨૦૨૧ના રોજ અબુધાબીનો પ્રવાસ કરશે. તેમનું ધ્યાન આર્થિક સહયોગ અને સમુદાયના કલ્યાણ પર હશે. અમેરિકામાં ખાડી દેશના રાજદૂતે તેમનો દેશ ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો સુધારવામાં મદદ કરી રહ્યો છે તેવું નિવેદન આપ્યું તે સમયમાં જ જયશંકર યુએઈની યાત્રા કરી રહ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરૈશી પણ શનિવારથી ૩ દિવસની યુએઈની યાત્રાએ છે. ઈસ્લામાબાદમાં પાકિસ્તાનના વિદેશ વિભાગે કુરૈશી યુએઈના પોતાના સમકક્ષ શેખ અબ્દુલ્લા બિન જાયદ અલ નહયાન અને અન્ય હસ્તિઓની મુલાકાત લેશે તેવી માહિતી આપી હતી.

## રોકાણકારોને ૧ અઠવાડિયામાં દોઢ લાખ કરોડનો ચૂનો લાગ્યો

ન્યુ દિલ્હી,

માર્કેટ કેપિટલાઈઝશનના હિસાબે દેશની ટૉપ ૧૦ કંપનીઓમાંથી ૮ની માર્કેટ વેલ્યૂ ૧.૪૧ લાખ કરોડ રૂપિયાથી ઘટી ગઈ છે. જ્યારે ગત અઠવાડિયામાં સેંસેક્સ ૭૫૯.૨૯ અંક એટલે કે ૧.૫૩ ટકા તૂટી ૪૮,૮૩૨ અંકના સ્તરે બંધ થયો હતો. આ દરમ્યાન શેર બજારમાં સૌથી વધુ આઈટી સેક્ટરના શેરમાં ગિરાવટ નોંધાઈ છે.

ટીસીએસનો શેર ગત અઠવાડિયે ૩.૯ ટકાની ગિરાવટ સાથે બંધ થયો. જેને પગલે કંપનીની માર્કેટ કેપ ૪૭.૬૮ હજાર કરોડ રૂપિયા ઘટીને ૧૧.૮૧ લાખ કરોડ રૂપિયાના સ્તરે આવી ગઈ. જ્યારે ઈનફોસિસની માર્કેટ કેપ ૩૭.૫૭ હજાર કરોડ રૂપિયા ઘટી ગઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ પણ ૩૦.૮૪ હજાર કરોડથી ઘટીને ૧૨.૨૬ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ ઉપરાંત એસબીઆઈની માર્કેટ કેપ ૧૧.૭૩ હજાર કરોડ ઘટી છે. આ ઉપરાંત કોટક મહિન્દ્રા બેંકની માર્કેટ કેપ ૬૬૨૯ કરોડ રૂપિયા ઘટીને ૩.૪૯ લાખ કરોડના સ્તરે આવી ગઈ છે. આ ઉપરાંત હિંદુસ્તાન યૂનિલીવરની માર્કેટ કેપ ૪૫૩૪ હજાર કરોડ રૂપિયા ઘટી છે. ભારતી એરટેલની માર્કેટ કેપ પણ ૨૬૩૬ કરોડ રૂપિયા ઘટીને ૨.૯૬ લાખ કરોડ રૂપિયા રહી ગઈ છે.

એચડીએફસીનો શેર ૨.૪ ટકા વધ્યો છે, જેનાથી તેની માર્કેટ કેપ ૧૦૬૯૭ કરોડ રૂપિયા વધીને ૪.૬૪ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. એચડીએફસી બેંકની માર્કેટ કેપ ૩૭૪૮ કરોડ રૂપિયા વધીને ૭.૮૭ લાખ કરોડ રૂપિયાના સ્તરે આવી ગઈ. જ્યારે આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ કેપ ૧૨૪ કરોડ રૂપિયા વધીને ૩.૯૧ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

## કોરોનાના કહેરને જોતા રાહુલ ગાંધીએ પ.બંગાળમાં પ્રચાર-રેલીઓ બંધ કરી

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસ કહેર રોકાવાનું નામ લઈ રહ્યું નથી ત્યારે હવે આ બાબતને ધ્યાનમાં લઈ કોંગ્રેસના પ્રૂવ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોનાની સ્થિતિ જોતા પશ્ચિમ બંગાળમાં પોતાની આગામી તમામ ચૂંટણી સભાઓ અને પ્રચાર પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. જેની તેમણે સોશિયલ મીડિયામાં ટ્વિટ કરીને માહિતી આપી છે. વાત એમ છે કે પશ્ચિમ બંગાળમાં હાલ વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પાર્ટીઓ એડી ચોટીનું જોર લગાવી ચૂંટણી પ્રચાર કરી રહી છે. આ પ્રચારમાં લાખો જનમેદની એકત્રિત થયેલ દેખાય છે. જેમાં કેટલાય લોકો માસ્ક વગરના, સોશિયલ ડિસન્સીંગની ધજાગરા ઉડે છે.



રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે, કોવિડની સ્થિતિને જોતા મેં પશ્ચિમ બંગાળમાં તમામ જાહેરસભાઓ સ્થગિત કરી દીધી છે. હું રાજકીય નેતાઓને સલાહ આપવા માગું છું કે, હાલની પરિસ્થિતિમાં સાર્વજનિક રેલીઓના આયોજન કરવાના પરિણામ વિશે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. બી. હરીજન
મુ. વાવ,
તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ મુકેશ નાનસિંહ
મુ. પરવડી,
તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં આજે ૪૦ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૪ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.



આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૧૪૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૬ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૬ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૬૩૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૧ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૦ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૭૩૬૧૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૮૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૪૮ દર્દી હોમ આઈસોલેશન, ૭૪ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર અને ૩૬ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૬૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૭૨ દર્દીઓ સ્ટેબલ અને ૭૩ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૮ વેન્ટીલેટર પર છે.

**મહીસાગર જીલ્લાની આજની કોરોનાની સ્થિતી**

| |
|---|
| બાલાસીનોર-૦૭ |
| કડાણા-૦૮ |
| ખાનપુર-૦૫ |
| લુણાવાડા-૦૭ |
| સંતરામપુર-૦૯ |
| વિરપુર-૦૪ |

# મહીસાગર જીલ્લામાં એક જ દિવસમાં

# માસ્ક વગર ફરતાં લોકો પાસેથી ૧.૧૮ લાખનો દંડ વસુલાયો



લુણાવાડા,
કેમ છો ? મજામાં ? અરે, ના ભાઇ કયાંથી મજામાં જુઓને આ કોરોના વાયરસે કેવો ત્રાસ ફેલાવ્યોવ છે. પણ તમે કેમ છો ? યાર કંઇ મજા નથી. અરે પણ તમે માસ્ક, કેમ નથી પહેર્યું. જવા દો ને યાર માસ્કા પહેરવો નથી ગમતો. પરંતુ ભાઇ તમને ખબર છે આ માસ્કં જ તમને બચાવશે. માસ્ક પહેરવાનું રાખો. ના, ભાઇ મને કાંઇ નથી થવાનું આ કોરોના-બોરોના સમજયા. પણ ભાઇ તમે માસ્ક. નહીં પહેરો તો બીજાને નુકસાન થશે. દંડ ભરવો પડશે. જુઓને અમારી બાજુવાળા જયારે ઘરની બહાર જતા હતા તો મેં તેમને માસ્કમ પહેરીને જાવ જો માસ્કજ નહીં પહેરો તો દંડ ભરવો પડશે તો પણ ન માન્યાા અને પાછા ઘરે આવીને મને કહે તમે મને ટોકયો એટલે મારે રૂા. એક હજારનો દંડ ભરવો પડયો બોલો આમાં મારો વાંક મેં તો સારા માટે કહ્યું હતું અને પાછો મારો વાંક કાંઢે પણ જો મેં કહ્યા પછી માસ્કદ પહેરીને ગયા હોત તો દંડ ન ભરવો પડત તેવું વિચારતા નથી.

આવા સંવાદો આજકાલ સામાન્યી થઇ ગયા છે છતાં પણ હજુ ઘણા લોકો એવા છે કે, જેઓ માસ્કર પહેર્યા વગર જાણે કે પોતાને કાંઇ થવાનું નથી તેમ ફરી રહ્યા છે જેનાથી તેઓ પોતે તો મુશ્કેએલીમાં મુકાય છે પણ બીજાને પણ મુશ્કેલીમાં મૂકી રહ્યા છે તેનો ખ્યાાલ તેઓ રાખતા નથી.

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકાર અનેકવિધ અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લઇ રહી છે. કોરોના સામે લડવા અને લોકોની સુરક્ષા અને સલામતી માટે વહીવટીતંત્ર રાત-દિવસ કામ કરી રહ્યું છે. પરંતુ તેની સાથે આપણી પોતાની પણ જવાબદારી બને છે કે આપણે સૌ સરકાર દ્વારા જે ગાઇડલાઇન આપવામાં આવી છે તેનું અચૂકપણે પાલન કરી કોરોના સામેની આ લડાઇમાં આપણે સહભાગી થઇ કોરોનામુકત વાતાવરણનું નિર્માણ કરવાની જવાબદારી અદા કરવી જોઇએ.

આ માટે જિલ્લાક કલેકટર આર. બી. બારડ દ્વારા મહીસાગરવાસીઓને અવાર-નવાર અપીલ કરવામાં આવી રહી છે છતાં પણ હજુ લોકો બિન્દાશસ્ત ફરી રહ્યા છે ત્યારરે હાલમાં કોરોના સંક્રમણને વધુ ફેલાતો અટકાવવા માટે જિલ્લાસ વહીવટીતંત્ર સાથે પોલીસ તંત્ર પણ એકશન મોડમાં આવી ગયું છે. અને માસ્કહ પહેર્યા વગર ફરતાં લોકો તેમજ ગાઇડલાઇનનો ભંગ કરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યાકરે મહીસાગરવાસીઓને અપીલ છે કે, ઘરની બહાર માસ્કર પહેર્યા વગર નીકળતા પહેલાં અને કોરોના ગાઇડલાઇનનો ભંગ કરતાં પહેલાં ચેતી જજો. નિયમોનું પાલન કરો અને દંડ તેમજ કાયદેસરની કાર્યવાહીમાંથી બચો એ જ આજના સમયની માંગ છે.

મહીસાગરવાસીઓને અવાર-નવાર અપીલ કરવામાં આવતી હોવા છતાં હજુ મહીસાગરવાસીઓમાં તેની અસર થતી જોવા મળી રહી નથી તેનું ઉદાહરણ જિલ્લાવમાં તા.૧૭મીના રોજ માત્ર એક જ દિવસમાં માસ્કા પહેર્યા વગર ફરતાં ૧૧૮ લોકો પાસેથી રૂા. ૧.૧૮ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

જિલ્લાવ વહીવટીતંત્ર તરફથી વસુલ કરવામાં આવેલ દંડની તાલુકાવાર વિગતો જોઇએ તો લુણાવાડા તાલુકામાં-૨૬, બાલાસિનોર તાલુકામા-૧૦, સંતરામપુર તાલુકામાં-૨૩, કડાણા તાલુકામાં-૧૦, ખાનપુર તાલુકામાં-૨૧ અને વિરપુર તાલુકામા-૨૮ વ્યાકિતઓ મળીને કુલ ૧૧૮ વ્યાકિતઓ પાસેથી રૂા. ૧૦૦૦/- લેખે કુલ રૂા. ૧,૧૮,૦૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યોા હતો. જયારે કોરોના ગાઇડલાઇનના ભંગ બદલ સંતરામપુર તાલુકાની ૦૪ દુકાનો સીલ કરવામાં આવી હતી જયારે બાલાસિનોરની-૦૪ અને સંતરામપુરની-૦૮ દુકાનો સામે એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત પોલીસ તંત્ર તરફથી લગ્ન- પ્રસંગ સંબંધી ૨૦૧૮ વ્યલકિતઓને જાણકારી સાથે સમજ આપવામાં આવી હોવાની વિગતો જિલ્લા વહીવટીતંત્ર તરફથી પ્રાપ્ત થઇ છે.

# લગ્ન પ્રસંગો કોરોના ગાઇડલાઇનના ચૂસ્ત પાલન સાથે યોજાય તે જોવા મહીસાગરવાસીઓને જિલ્લા કલેકટરની અપીલ

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકાર અનેકવિધ અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લઇ રહી છે. કોરોના સામે લડવા વહીવટીતંત્ર રાત-દિવસ કામ કરી રહ્યું છે. પરંતુ તેની સાથે આપણી પોતાની પણ જવાબદારી બને છે કે આપણે સૌ સરકાર દ્વારા જે ગાઇડલાઇન આપવામાં આવી છે તેનું અચૂકપણે પાલન કરી કોરોના સામેની આ લડાઇમાં આપણે સહભાગી થઇ કોરોનામુકત વાતાવરણનું નિર્માણ કરવાની સાથે આપણે સલામત રહેવાની સાથે અન્યસ લોકોને પણ સલામત રાખીએ.

સાવચેતી અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ છે. ત્યારે મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

હાલમાં લગ્નસરાની સીઝન ચાલી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ લગ્ન પ્રસંગો યોજાઇ રહ્યા છે. પરંતુ વર્તમાન કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાનમાં રાખીને અમુક સમાજના લોકો સ્વયં પોતાની રીતે લગ્ન પ્રસંગો મોકૂફ રાખીને અન્ય સમાજ માટે ઉદાહરણરૂપ કામ કરી રહ્યા છે.

હાલના કોરોનાના વધતા જતા સંક્રમણને જોતાં જિલ્લા કલેકટર આર. બી. બારડે મહીસાગરવાસીઓને જો શકય હોય તો હાલના સંજોગોને ધ્યાને લઇ લગ્ન પ્રસંગો મુલત્વી રાખવા અને જો લગ્ન પ્રસંગો મુલત્વી રાખવા શકય ન હોય તો કેન્દ્ર-રાજય સરકાર દ્વારા સુચવવામાં આવેલ કોરોના ગાઇડલાઇનના ચૂસ્તમ પાલન સાથે ૫૦ થી વધુ ન હોય તેવા મહેમાનો સાથે લગ્ન પ્રસંગો યોજવા અપીલ કરી છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જિલ્લામાં યોજાતા લગ્ન પ્રસંગો ઉપર જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે. અને જો કોઇપણ લગ્ન પ્રસંગોમાં સરકાર દ્વારા સુચવવામાં આવેલ ગાઇડલાઇનનો ભંગ થયેલો જણાઇ આવશે તો તેઓની સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે તેની પણ મહીસાગરવાસીઓને ખાસ નોંધ લેવા જણાવ્યું છે.

જિલ્લામાં હાલ જે સમાજ દ્વારા લગ્ન પ્રસંગો મોકૂફ રાખવામાં આવી રહ્યા છે. તે સમાજને વર્તમાન સંજોગોને ધ્યા ને લઇ લગ્ન પ્રસંગો મોકુફ રાખી અન્ય સમાજને પણ તેનું અનુકરણ કરવા માટે પ્રેરણા પૂરી પાડી છે તેવા સમાજને જિલ્લા્ કલેકટર આર. બી. બારડે અભિનંદન પાઠવ્યા છે.

# શહેરા વન વિભાગે તાડવા હાઈવે ઉપર ત્રણ સફેદ પથ્થર ભરેલ ટ્રક અને એક લાકડા ભરેલ ટ્રેકટર ઝડપ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા વન વિભાગે તાડવા હાઇવે માર્ગ ઉપર થી ગેરકાયદેસર ત્રણ સફેદ પથ્થર ભરેલ ટ્રક અને વાડી પાસેથી લાકડા ભરેલ ટ્રેકટર ઝડપી પાડ્યુ હતું. વન વિભાગના આર.એફ. ઓ રોહિત પટેલ ની કડક કાર્યવાહીના પગલે બે નંબરી લાકડા અને ગેરકાયદેસર સફેદ પથ્થરની હેરાફેરી કરતા ખનીજ ચોરો ફફડાટ ફેલાયો હતો.વન વિભાગે ત્રણ ટ્રક અને લાકડા ભરેલ ટ્રેકટર મળીને રૂપિયા આઠ લાખનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે..

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ અમુક જમીનો માંથી સફેદ ચમકતા પથ્થરો ખનીજ વિભાગની મંજૂરી વગર કાઢીને ટ્રકો મારફતે ગેરકાયદેસર રીતે હેરાફેરી થતી હોવા છતાં ખાણ ખનીજ વિભાગ સહિતના તંત્ર દ્વારા આ સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ જોવા મળી રહયો ના હતો. આર.એફ.ઓ રોહિત ભાઈ પટેલ અને તેમનો સ્ટાફ તાલુકા ના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તાડવા પાસેથી પસાર થતી સફેદ પથ્થર ભરેલ ત્રણ ટ્રકને આર.એફ.ઓ રોહિત પટેલ એ ઉભી રખાવી ને ચાલક પાસે ખનીજ વહન કરવા માટેના જરૂરી કાગળો માંગતા મળી ના આવ્યા હતા. આજ રીતે વાડી ગામ પાસે વન વિભાગ ની ટીમ એ પ્રેટોલિંગ દરમિયાન પસાર થતી પંચરવ લાકડા ભરેલ ટ્રેકટરને અટકાવી ચાલક પાસે જરૂરી કાગળ માંગતા મળી ના આવ્યા હતા. સફેદ પથ્થર ભરેલ ત્રણ ટ્રક અને લાકડા ભરેલ ટ્રેકટર સામે આર.એફ.ઓ રોહિત પટેલ દ્વારા નિયમોનુસાર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વનવિભાગની ની પૂછપરછમાં સફેદ પથ્થર ભરેલ ટ્રકના ચાલકે સગરાડા અને ભેંસાલ ગામના વિસ્તારમાંથી સફેદ પથ્થર ભરેલ હોવાનું કબૂલ કરેલ હતુ.. તાલુકા પંથકમા ખનીજ માફિયાઓ મોટા પ્રમાણમાં ખનીજ ચોરી કરીને સરકારની તિજોરીને નુકસાન પહોંચાડી રહયા છે. ત્યારે સ્થાનિક વનવિભાગ ના આર.એફ. ઓ ની કડક કાર્યવાહી ને પ્રજાજનો એ બિરદાવી હતી. તાલુકાના વિસ્તારમાં ખનીજ ચોરી અટકાવવા માટે ખાણ ખનીજ વિભાગ પોતાની નૈતિક ફરજ સમજીને અસરકારક કાર્યવાહી હાથ ધરશે ? હાલ તો સિંઘમ સ્ટાઈલ ની છાપ ધરાવતા આર.એફ.ઓ રોહિત પટેલ એ ગેરકાયદેસર સફેદ પથ્થર ભરીને જતી ટ્રક અને બે નંબરી લાકડા ભરેલ ટ્રેકટર ને ઝડપી પાડીને આઠ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જેને લઇને ખનીજ અને લાકડા ચોરોમાં અંદર ખાનગી ફફડાટ ફેલાયો છે.

# મહીસાગર જિલ્લામાં એક જ દિવસમાં ૫૩૩૮ વ્યકિતઓએ રસીકરણ કરાવ્યું

લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોરોના વાયરસની બીજી લહેરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. તે સંદર્ભે મહિસાગર જિલ્લાના નાગરિકોને સુરક્ષિત રાખવા જિલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લં વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જિલ્લામાં કોરોનાને નિયંત્રણમાં રાખવા માટે નાનામાં નાની આરોગ્ય વિષયક કાળજી લઈને અનેકવિધ કાર્યો હાથ ધરાયા છે.

કોરોના સંક્રમણ સામે હાલ સમગ્ર રાજયમાં વેકસિનેશન કાર્યક્રમ પૂરજોશમાં ચાલી રહ્યું છે. અને રસીકરણથી કોરોના સામે રક્ષણ મળી રહે તે માટે આ કામગીરીને જિલ્લાજ વેગવંતી બનાવામાં આવી છે.

જિલ્લાથમાં તા.૧૭મીના રોજ એક જ દિવસમાં જિલ્લાના ૫૩૩૮ વ્યરકિતઓએ કોરોના સામે રક્ષણ મળી રહે તે માટે રસીકરણ કાર્યમાં ભાગ લઇને રસીકરણ કરાવીને કોરોનાનું સુરક્ષા કવચ ગ્રહણ કર્યું હતું. જેમાં તાલુકાવાર વિગતો જોઇએ તો લુણાવાડા તાલુકામાં-૧૫૮૭, બાલાસિનોર તાલુકામાં-૬૩૯, સંતરામપુર તાલુકામાં-૧૫૩૫, કડાણા તાલુકામાં-૮૬૩, ખાનપુર તાલુકામાં-૪૨૧ અને વિરપુર તાલુકામાં-૨૯૩ વ્યાકિતઓએ રસીકરણ કરાવ્યું હતું.

# ૧૪.૫૧ લાખનો તેલનો જથ્થો ગોધરાના ઈસમો ટ્રકમાં લાવી છેતરપિંડી કર્યાના ગુનામાં મહેસાણા અને સ્થાનિક પોલીસે આરોપીને ઝડપ્યો

ગોધરા,
મહેસાણા જીલ્લાના બાવલુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કતેરીયા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ માંથી રાણી રીફાઈન્ડ કપાસીયા તેલના ડબ્બા નંગ-૫૨૫ અને રાણી રીફાઈન્ડ કાર્ટુન નંગ-૨૦૦ મળીને કિંમત ૧૪,૫૧,૬૭૮/-નો મુદ્દામાલ રાજમોની ટ્રાન્સપોર્ટ માંથી ગોધરાના ઈસમો ટ્રકમાં ભરી લઈ ગયેલ હોય છેતરપિંડી કરેલ હોય તેવી ફરિયાદ નોંધાઈ હતી. આ બાબતે જીલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ ગોધરા બી ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી હતી. ટ્રક નંબરના આધારે ઝડપી હતી અને પોલીસ ચાલક આરોપી અને ટ્રક સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા અને મહેસાણા પોલીસે મુદ્દામાલ રીકવર કરવામાં મદદ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેસાણા જીલ્લાના બાવલુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કનેરીયા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ માંથી રાણી રીફાઈન્ડ કપાસીયા તેલના ડબ્બા કુલ નંગ-૫૨૫ કિંમત ૧૦,૫૧,૧૮૨/-રૂપીયા તથા રાણી રીફાઈન્ડ તેલના કાર્ટુન નંગ-૨૨૦/-કિંમત ૪,૦૦,૪૫૬/ મળી કુલ ૧૪,૫૧,૬૩૮/-રૂપીયાના મુદ્દામાલ હોય તે રાજમોની રોડ લાઈન્સ ટ્રાન્સપોર્ટ માંથી છેતરપિંડીને ગોધરાના ઈસમો ટ્રકમાં ભરી ગયેલ હતા. આ બાબતે મહેસાણાના બાવલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં આરોપીઓને પકડવા માટે મહેસાણાની ટીમ આવેલ હોય જેને ગોધરા બી ડીવીઝન પોલીસે મદદ કરેલ હતી અને ટ્રક માલિક અનશ શોએબ હયાત અને ટ્રક ચાલક અસ્ફાકના ઘરે તેમજ આ વિસ્તારમાં તપાસ કરી હતી. ત્યારે ટ્રક નંબર જીજે.૧૭.યુયુ.૦૬૬૭ સીગ્નલ ફળીયા રોડ ઉપર મળી આવેલ હતી અને ટ્રક માંથી અસ્વાક ઉર્ફે નથલ યાકુબભાઈ ભટુક ચરખાને ટ્રક સાથે બી ડીવીઝન પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. અને ટ્રક ચાલક, આરોપી તથા ટ્રકને ઝડપી લેવામાં મહેસાણા પોલીસને ગુનો ડીટેઈન કરવામાં મદદ કરી મહેસાણા પોલીસે ચાલક અને આરોપીને ઝડપી મુદ્દામાલ રીકવર કરવાની તજવીજ હાથ ધરી.

# હરિદ્વાર કુંભમેળામાંથી પરત આવેલા ૩૪ ગુજરાતીઓ કોરોના સંક્રમિત

અમદાવાદ,
ગુજરાતમાં કોરોનાની સ્થિતિ દિવસેને દિવસે ખરાબ થતી જાય છે ત્યારે કુંભમાં જઈને પરત ફરેલા પ્રવાસીઓ પણ વધારે ખતરો બની રહ્યા છે. કુંભમાંથી પરત ફરેલા લોકો કોરોના પોઝિટિવ આવી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાના આંકડાઓ દિવસે-દિવસે વધી રહ્યાં છે. ત્યારે રાજય સરકારની ગાઈડલાઈન્સ પ્રમાણે પશ્ચિમ રેલવે દ્વારા હરિદ્વાર, કુંભમેળામાંથીપરત આવી રહેલા મુસાફરોની કોરોનાનો ટેસ્ટ કરવામાં આવી રહી છે. અહીં રેલવે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગીથી કામગીરી કરવામાં આવી રહી છે. અહીં સ્પેશિયલ રેપીડ એન્ટિજન ટેસ્ટ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. હરિદ્વારથી પરત ફરેલા ૩૧૩ મુસાફરોની તપાસ કરવામાં આવી હતી. આ મુસાફરો યોગનગરી એક્સપ્રેસમાં અમદાવાદ પહોંચ્યા હતા અને તેમાંથી ૩૪ લોકો પોઝિટિવ આવ્યા હતા.

પોઝિટિવ આવેલા દર્દીઓને સાબરમતી સમરસ હોસ્ટેલ ફેસિલિટીમાં ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. છરૂના ઉપરી અધિકારીઓ દ્વારા જણાવ્યું, યોગા એક્સપ્રેસ લગભગ ૩ વાગ્યે પહોંચી હતી. યોગા એક્સપ્રેસમાં રવિવારે આવનારા મુસાફરોની પણ તપાસ કરવામાં આવશે. કુંભમેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

આ લોકો માત્ર ગુજરાત નહીં પરંતુ આખા ભારતમાં સુપર સ્પ્રેડર બને તેવી ભીતિને પગલે આ નિર્ણય લેવાયો છે. હવે બસ સ્ટેશને પણ યાત્રીઓના ટેસ્ટ કરવામાં આવશે. જેઓ અલગ રૂટથી કે સંઘ-યાત્રા પ્રવાસમાં જઈને આવ્યા છે તે તમામના પરિક્ષણ કરવામાં આવશે.

ગઈકાલે રાજ્યના સીએમ રૂપાણી જામનગરની મુલાકાતે હતા. ત્યાં તેમણે પત્રકારો સાથે વાચચીત કરી હતી. તે દરમિયાન સંક્રમણ ન ફેલાઈ તે માટે મહત્ત્વની જાહેરાત કરતા જણાવ્યું, કુંભ મેળામાં ગયેલા કોઈપણ વ્યક્તિને સીધેસીધા પોતાના ગામમાં પ્રવેશ નહીં મળે. તમામ કલેક્ટરને સૂચના આપવામાં આવી છે કે, કુંભમાંથી જે કોઈપણ પરત આવે તેમને આઈસોલેટ કરવામાં આવે. તેમનો આરટીપીસીઆર કરવામાં આવે.

સીએમ રૂપાણીએ જણાવ્યું, આપના માધ્યમથી પ્રજાને વિનંતી કરું છું કે, સંક્રમણ ટાઢું પડે ત્યાં સુધી લોકો બિનજરૂરી ઘરની બહાર ન નીકળે. ખાસ મોટી ઉંમરના અને બાળકો તો ન જ નીકળે. એવી જ રીતે ફરજિયાત માસ્ક પહેરો. કન્ટેઈનમેન્ટ ઝોન વધારવાની સૂચના આપી છે. ઝડપથી લોકો વેક્સિન લે. ગભરાવવાની જરૂર નથી સાવચેત રહેવાની જરૂર છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર, ફાગણ સુદ-૬, સૂર્યોદય-૬-૧૬, સૂર્યાસ્ત-૬-૫૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન(બ વ ઉ) , નક્ષત્રઃ આર્દ્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

તા.૧૯.૦૪.૨૦૨૧ સોમવાર

મેષ : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ છે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે.

વૃષભ : જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

મિથુન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો ચાલશે.

કર્ક : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે.

સિંહ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબૂ રાખવો. સત્સંગ થશે.

કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

તુલા : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.

વૃશ્ચિક : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે.

ધન : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.

મકર : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ રહેશે. માન-સન્માન પ્રાપ્ત થશે.

કુંભ : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે.

મીન : મિત્ર સહયોગ નહીં કરે. વેપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે. વધુ ખર્ચ ન કરવો.

# દાહોદ જીલ્લામાં ૪૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા : ૬ ના મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે વધું ૪૯ કોરોના સંક્રમીત દર્દીઓ નોંધાયાં છે. દિનપ્રતિદિન વધતાં કેસોને જોતા લાગી રહ્યું છે કે, જિલ્લામાં કોરોના સંક્રમણ રોકેટ ગતિએ આગળ વધી રહી છે અને ચિંતાનો માહોલ પણ સર્જાવા પામ્યો છે. આજે વધુ ૦૬ દર્દીઓએ કોરોનાથી દમ તોડતાં જિલ્લામાં અત્યાર સુધી કુલ ૧૫૦ લોકો જીવ ગુમાવી ચુંક્યાં છે.
આર.ટી.પી.સી.આર.ના ૭૬૪ પૈકી ૩૧ અને રેપીટ ટેસ્ટના ૧૫૩૩ પૈકી ૧૮ એમ કુલ ૪૯ કોરોના દર્દીઓ નોંધાયાં છે. આજે




આ ૪૯ દર્દીઓ પૈકી દાહોદ અર્બન વિસ્તારમાં ૧૧ દર્દીઓ સામે આવ્યાં છે. ત્યારે દાહોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૪, ઝાલોદ અર્બનમાંથી ૧૫, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૫, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૪, ગરબાડામાંથી ૦૩, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૨ અને સંજેલીમાંથી ૦૨ કેસ નોંધાયાં છે. ખાસ કરીને વધતાં કેસોને જોતા કોરોના સંક્રમણ ગ્રામીણ વિસ્તારોમાં પગપેસારો કરી ચુંક્યો છે અને રોજેરોજ ગ્રામીણ વિસ્તારોમાં કેસો વધતાં હોવાનું જણાઈ આવ્યું છે. આ એક વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય તો છે જે સાથે જ જિલ્લાવાસીઓ માટે પણ ચિંતાનો વિષય છે. વધતાં કેસોની સાથે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. એક્ટીવ કેસો વધીને ૪૧૫ થઈ ગયાં છે. સરકારી દવાખાના હાઉસ ફુલ થઈ ગયાં છે. આજે વધુ ૦૬ દર્દીઓએ કોરોનાથી મૃત્યુ થતાં કુલ મૃત્યુ આંક ૧૫૦ ને આંબી ગયો છે બીજી તરફ રાહતના સમાચાર એ પણ છે કે એક સાથે ૩૮ લોકોએ કોરોના સામે જંગ જીતતા તેઓને હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવી છે.

## દાહોદની નામાંકિત હોસ્પિટલના મેડીકલ સ્ટોર્સમાં કામ કરતાં યુવક રેમડેસીવર ઈન્જેકશન ઊંચા ભાવે વેચતા ઝડપ્યો

દાહોદ,
દાહોદ શહેરના નામાંકિત ખાનગી હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર પર કામ કરતો યુવક હાલના તબ્બકે બહુમૂલ્ય રેમડેસીવીર ઈજેક્શનનો ગેરકાયદેસર રીતે ઉંચા ભાવે વેચાણ કરતા ઝડપાયો.
લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બોગસ ગ્રાહક બનાવી છટકું ગોઠવી રેમડીસીવીર ઈન્જેક્શનના વેચાણ કરતા રંગેહાથ ઝડપી પાડી જેલભેગો કર્યો.
એલસીબીએ યુવક પાસેથી ૧૧ ઈન્જેક્શનો રોકડ રકમ સહીત ૧,૩૯,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો.
દાહોદ શહેરના નામાંકિત ખાનગી હોસ્પિટલના મેડિકલ સ્ટોર પર કામ કરતા યુવક ક્રિષ્ના ભોજનાલય પાસે કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં બહુમૂલ્ય ગણાતા રેમડીસીવીર ઈન્જેક્શનો ગેરકાયદેસર ઊંચા ભાવે વેચાણ કરતો હોવાની બાતમીના




આધારેદાહોદ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે બોગસ ગ્રાહક બનાવી છટકું ગોઠવી ૧૧ જેટલાં રેમડીસીવીર ઈન્જેક્શનો સાથે ઝડપી પાડી જેલ ભેગો કર્યો હોવાનું જાણવા મળેલ છે. પોલીસે ઉપરોક્ત યુવક પાસેથી બહુબલી ઈંગ્લિશનો રોકડ રકમ સહિત ૧,૩૯,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.
દાહોદ શહેર સહીત જિલ્લામાં કોરોનાએ કાળો કેર વર્તાયો છે. જેના લીધે દાહોદ શહેર સહીત જિલ્લામાં કપરી પરિસ્થતિનું સર્જન થઈ રહ્યું છે. આ મહામારીના અજગરી ભરડામાં આવેલા દર્દીઓથી શહેર સહીત જિલ્લાના ખાનગી તેમજ સરકારી કોવીડ હોસ્પિટલમાં દર્દીઓનોનું કીડિયારૂં ઉભરાઈ જવા પામ્યું છે. જયારે આ કોરોના વૈશ્વિક મહામારીમાં બહુમૂલ્ય ગણાતા રેમડીસીવીર ઈન્જેક્શનો ખુબ જ અસરદાર હોવાથી આ ઈન્જેક્શનની માગમાં વધારો જોવા મળી રહ્યો છે. જેને લઈને રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર પણ ચિંતિત છે. શહેરના સરકારી હોસ્પિટલોને બાદ કરતા ખાનગી હોસ્પિટલમાં આ ઈન્જેકશનની તીવ્ર અછત જોવા મળી રહી હતી. તેવા સમયમાં કેટલાક લાલચુ તત્વો ગરજવાન દર્દીઓ પાસેથી તગડો નફો રળી લેવા મેદાને પડયા છે ત્યારે આ બહુમૂલ્ય ઈન્જેક્શનની કાળાબજારી રોકવા માટે સરકાર તમામ પ્રયાસો કરી રહી છે તેવા સમયે દાહોદ જિલ્લામાં રેમડેસીવીર ઈજેકશનનું ગે.કા વેચાણ થતુ રોકવા તેમજ વેચાણ કરતા તત્વોન ઝડપી લેવા માટે એલસીબી પી.આઈ બી.ડી.શાહના સુચનાા તેમજ માર્ગદર્શનમાં પો.સ.ઈ.શ પી.એમ.મકવાણા તથા એલ.સી.બી. સ્ટાફના માણસો સાથે રેમડેસીવીર ઈજેકશનની જરૂરીયાત મંદ માણસોને ઉંચા ભાવે વેચાતા ઈજેકશનની રજુઆત ના આધારે ડુમી ગ્રાહક ઉભો કરી દાહોદ રેલ્વે સ્ટેશન રોડ હોટલ ક્રિષ્ના (ભોજનાલય) ખાતે વેચાણ કરવા સારૂ આવેલ આરોપીની માહિતી આધારે છટકુ ગોઠવી આયોજન મુજબ ઉંચા ભાવે ઈન્જેક્શનનું વેચાણ કરતા આરોપીને રેમડેસીવીર ઈન્જેકશન-૧૧ તથા રોકડા રૂપીયા તેમજ મોબાઈલ નંગ સહીત ૧,૩૯, ૪૦૦/- નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. છે. પોલીસ પૂછપરછમાં આ ઈસમ કમલેશભાઈ ગટુલાલ રાજપુરોહીત રહે.મા પાર્વતી નગર, રાબડાલ, ખાતેનો હોવાનું સપાટી પર આવ્યું છે તેમજ દાહોદ એલ.સી.બીએ આ યુવક પાસેથી રેમડેસીવીર ઈજેક્શન નંગ-૧૧ તથા રોકડા રૂપીયા ૭૫,૦૦૦/- તેમજ મોબાઈલ નંગ .૧ કિ.રૂા ૫૦૦૦ /- મળી કુલ કિ.રૂા.૧,૩૯,૪૦૦ મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### કોરોના સામે વેક્સિન રામબાણ ઉપાય હોવાનું પ્રત્યક્ષ ઉદાહરણ

## વેક્સિનના બંને ડોઝ લેનારા સંજીવભાઈની લકવાગ્રસ્ત માતાને કોરોના થયો, સેવામાં રોકાનારા સંજીવભાઈને કોરોના સ્પર્શયો પણ નહી

દાહોદ,
કોરોનાની વેક્સિન કેટલી અસરકારક છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ હોય તો સિંચાઈ વિભાગમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે કામ કરતા સંજીવભાઈ દેસાઈ છે. થોડા દિવસ પહેલા તેમના ૭૮ વર્ષના લકવાગ્રસ્ત માતાને કોરોના થયો અને હોસ્પીટલાઈઝ કરવા પડ્યા. માતા પથારીવશ હોય અને જાતે કશું કરવા સક્ષમ ન હોય સંજીવભાઈ અને તેમના ભાઈ ખાનગી હોસ્પીટલમાં તેમની સેવામાં રોકાયલા રહ્યા. સંજીવભાઈએ કોરોનાના બંને ડોઝ લીધે એક મહિના ઉપરાંતનો સમય થયો હતો એટલે તેમની માતા સાથે રહેવા છતાં તેમને કોરોના ન થયો. માતાને રજા



આપ્યા બાદ કરાવેલો આરટીપીસીઆર ટેસ્ટ પણ નેગેટિવ આવ્યો. બીજી તરફ તેમના ભાઈ કોરોનાગ્રસ્ત થયા હતા. જો કે અત્યારે તેઓ પણ સંપૂર્ણ સ્વસ્થ છે. મૂળ વાત એટલી સાબિત થાય છે કે વેક્સિનના બંને ડોઝ લીધા હોય તો તે કોરોના સામે રક્ષાકવચનું કામ કરે છે અને કોરોનાથી બચાવ થાય છે. અહીં સંજીવભાઈની વાત તેમના શબ્દોમાં જાણીએ.
તેઓ જણાવે છે કે, હું સંજીવ દેસાઈ, સિંચાઈ વિભાગમાં ફરજ બજાવું છું. મારા મમ્મી ૭૮ વર્ષના છે અને છેલ્લા ૧૫ વર્ષથી લકવાગ્રસ્ત છે. તેમની વાચા પણ જતી રહી છે તથા પોતાનું કામ પણ પોતે નથી કરી શકતા. તેઓ સંપૂર્ણ પથારીવશ હોય અમે બે ભાઈ અને એક બહેન તેમનું છેલ્લા પંદર વર્ષથી ધ્યાન રાખીએ છીએ.
થોડા દિવસ પહેલા મારા ભાઈને તાવ આવ્યો. મારા ભાઈ, મમ્મીના આરટીપીસીઆર ટેસ્ટ કરાવતા મારા મમ્મી પોઝિટિવ આવ્યા અને મારા ભાઈનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. ત્યાર બાદ તેમને દાહોદની મહાવીર હોસ્પીટલમાં દાખલ રાખ્યા અને હું તથા મારો ભાઈ વારાફરતી મમ્મીની સંભાળ રાખવા માટે રોકાતા. મમ્મીને રજા આપ્યા ઘરે લાવ્યા પછી મેં પણ રેપીડ અને આરટીપીસીઆર બંને ટેસ્ટ કરાવ્યો જે નેગેટિવ આવ્યા હતા. પરંતુ મારા ભાઈનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે અત્યારે તેને સારૂ થઈ ગયું છે. મારી કોરોનાની વેક્સિનના બંને ડોઝ લીધાને એક મહિનો પૂરો થઈ ગયો હતો. એટલે મને વિશ્વાસ આવ્યો કે મેં વેક્સિનના બંને ડોઝ સમયસર લીધા છે તેથી જ કોરોનાનો ચેપ લાગ્યો નહી. વેક્સિનથી મને સારી એવી રોગપ્રતિકારક શક્તિ મળી છે. મારા અનુભવ પરથી કહું છું કે વેક્સિન મુકાવી હોય તો ઘણો ફાયદો છે. વેક્સિનના ફાયદા જોતાં હું આપ સૌને વિનંતી કરૂં છું કે જેમનો પણ વારો આવે તેઓ સૌ સત્વરે વેક્સિન લઈ લે. કોરોનાના દોરમાં માનસિક પણ સ્વસ્થ રહેવાનું છે. મેં મારી મમ્મીને પ્રતિકુળ સંજોગોમાં પણ ઘણી હિંમત આપી હતી અને સારવાર પર વિશ્વાસ રાખવા જણાવ્યું હતું.

## દાહોદ વેપારી મંડળ દ્વારા ત્રણ દિવસનો સ્વૈચ્છિક લોકડાઉન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં કોરોનાના કેસો ના વધતા કેસોને દયાનમાં રાખી દાહોદ નગરપાલિકા તેમજ વેપારી મંડળ દ્વારા શુક્ર,શનિ અને રવિ એમ ત્રણ દિવસ સંપૂર્ણ સ્વચ્છ લોકડાઉન પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોનાના કેસ કૂદકે અને ભૂસકે વધી રહ્યા છે. દાહોદ શહેરની ખાનગી હોસ્પિટલમાં લઈ સરકારી હોસ્પિટલો પણ દર્દીઓના રાફડાથી ભરાઈ ગયા છે. પરિસ્થિતિ અત્યંત નાજુક હોવાનું પણ કહેવાય રહ્યું છે. ત્યારે દાહોદ શહેરની વાત કરીએ તો છેલ્લા બે દિવસથી દાહોદ શહેરમાં લોકડાઉન કરવાની ચર્ચાઓ ચાલી રહી હતી અને આ સંદર્ભે આજરોજ દાહોદ ખાતે સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે મળેલી બેઠકમાં દાહોદ નગરપાલિકા અને દાહોદના વેપારીઓએ કોરોનાની ગંભીરતાને દ્યાનમાં રાખી હવે દર શુક્રવાર,શનિવાર અને રવિવાર એમ ત્રણે દિવસે પછી લોકડાઉન રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ lockdownનો મુખ્ય ઉદ્દેશ્ય કોરોનાની ચેન તોડવાનું અને જેથી કોરોનાનું સંકરણ ઘટે તે માટેનું છે.

## ગરબાડાના ગુંગરડી ગામે ફોર વ્હીલ ચાલકે બે રાહદારીને અડફેટમાં એકનું મોત

દાહોદ,
ગરબાડા તાલુકાના ગુંગરડી ગામે એક ફોર વ્હીલરના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ત્યાંથી ચાલતા પસાર થઈ રહેલ બેને અડફેટમાં લેતા એકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા એકનું મોત નીપજ્યું હતું જયારે એકને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.
એક hyundai ફોર વીલર ગાડીના ચાલક ગત તારીખ ૧૭ મી એપ્રિલના રોજ પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ પસાર થઈ રહ્યો હતો. આ સમયે ત્યાંથી ચાલતા પસાર થઇ રહેલ ગુંગરડી ગામે રહેતા હિતેશભાઈ સોમજીભાઈ ગણાવા અને મેસુલભાઈ ભારતાભાઈ બિલવાલ ને અડફેટમાં લેતા બંને જણા જમીન પર ફંગોળાયા હતા જેને પગલે મેસુલભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જયારે હિતેશભાઈ ને શરીરે ઈજાઓ પહોંચતા તેમને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.આ માર્ગ અકસ્માત સર્જી ગાડીને અચાનક નાસી ગયો હતો. ત્યારે આ સંબંધે ગુંગરડી ગામે રહેતા વેસ્તાભાઈ ભારતાભાઈ બિલવાળ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીયા પંથકના શ્રમજીવીઓ લોકડાઉનના ભયના કારણે ઘર વાપસી થયા છે

દે.બારીયા,
દે.બારીયા તાલુકાના આસપાસના ગ્રામ્યના શ્રમજીવી પરિવારો પોતાના કુટુંબનું પેટયું રળવા માટે ગુજરાતના મોટા શહેરો જેવાં કે રાજકોટ, અમદાવાદ, મોરબી, સુરત, વાપી, સેલવાસ જેવા મોટા શહેરોમાં સીવીલ જેવા કન્સ્ટ્રકશનના કાર્યો જેવા સેન્ટીંગ, કડીઆ, પ્લમ્બર, હેલ્પરનું કાર્ય કરતા હોય છે અને તેમાંથી કમાણી કરીને પોતાના ઘરે આવતા હોય છે.
પ્રાપ્ત માહિતી અનુસાર હોળીનો તહેવાર ઉજવીને શ્રમજીવીઓ ધંધા અર્થે ગયા હતા. પોતાના સાથે ઘરની મકાઈ લઈ જતા હોય છે. મહિના બે મહિના ચાલે તેટલી જે મળે તેમ વધુ હાજરી થાય તેવી સોચ સાથે ગયા હતા પરંતુ છેલ્લા એક સપ્તાહ થી આ શ્રમજીવી પરિવાર સાથે પોતાના ઘરે પરત આવી રહ્યા છે. અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધી એ શ્રમજીવીઓ સાથે વાતચીત કરતા માલુમ પડયું છે કે, ગયા વર્ષની જેમ ફરી લોકડાઉન લાગી જાય તો અમારે મુશ્કેલીઓ વેઠવી ના પડે તે મુનાસીબ સમજી જેમ બને તેમ ઘરે પરત આવી રહ્યા છે. દિનપ્રતિદિન કોવિડ બેકાબુ થયા છે. મોટા શહેરોમાં મૃત્યુદરમાં ઘરખમ વધારો થયો છે. જેના કારણે શ્રમજીવીઓ પોતાના માદરે વતન પરત ફરીને હાશકારો અનુભવી રહ્યા છે.

## ધાનપુરના કાલિયાવાડ ગામે અંગત અદાવતમાં એક વ્યકિતના ઘર માંથી ૮૫ હજારનો ચોરી કરી

દાહોદ,
ધાનપુર તાલુકાના કાલિયાવાડ ગામ ત્રણ જેટલા ઈસમને અંગત અદાવતે એક જણા ના ઘરે જય ઘરમાંથી રોકડા રૂપિયા તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૮૫ હજાર ની ચોરી કરતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. કાલિયાવાડ ગામે રહેતા સુકમભાઈ ચતુરભાઈ દહમા, સુરેશભાઈ બાબલાભાઈ દહમા અને દિનેશભાઈ દહમા આ ત્રણે જણાએ ગત તારીખ સોળમી એપ્રિલના રોજ પોતાના જ ગામમાં રહેતા વિનુભાઈ કનાભાઈ ભાભોર ના ઘરે જઈ તેઓના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘરમાં મૂકી રાખેલ ૭૫ હજાર રૂપિયા રોકડા તેમજ ચાંદીનું ભોરીયુ નંગ ૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ એમ કુલ મળી ૮૫ હજારની મત્તાની ચોરી કરી ઉપરોક્ત ત્રણેય જણા નાસી જતાં આ સંબંધે વિનુભાઈ દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ફતેપુરા કમ્યુનિટી હેલ્થ સેન્ટરની મુલાકાત લેતા કલેક્ટર




દાહોદ,
દાહોદ જિલ્લામાં વધી રહેલા કોરોનાના કેસોને કાબુમાં લેવા વહીવટી તંત્ર રાઉન્ડ ધ ક્લોક કામ કરી રહ્યું છે. ત્યારે કલેક્ટર વિજય ખરાડી અને પોલીસ વડા હિતેશ જોયસરે ફતેપુરાના કમ્યુનિટી હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી હતી અને વિસ્તારની કોવીડ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.
કલેક્ટર ખરાડીએ ઉપસ્થિત આરોગ્ય અધિકારી તેમજ કર્મચારીઓને સર્વેલન્સની કામગીરીની અગત્યતા જણાવી હતી અને સર્વેલન્સની કામગીરી વધારવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કન્ટેઈનમેન્ટ વિસ્તાર પર પણ ચાંપતી નજર રાખવા જણાવ્યું હતું અને ત્યાં પણ વારંવાર મુલાકાત લેતા રહેવા જણાવ્યું હતું. કોરોના સંક્રમણ નિયત્રણમાં લાવવા સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા વિવિધ જાહેરનામા તેમજ કરફ્યુની કડક અમલવારી થાય એ માટે તેમણે સૂચન આપ્યું હતું. બેદરકાર વ્યક્તિઓને જરા પણ ન બક્ષવા અને કડક કાર્યવાહી કરવા તેમણે જણાવ્યું હતું.
તેમણે લોકોમાં માસ્ક પહેરવા, સામાજિક અંતર જાળવવા જેવી બાબતો પ્રત્યે સભાનતા આવે અને કોરોનાકાળમાં આ નાની પણ મહત્વની બાબતોનું અવશ્ય પાલન કરે તે માટે જણાવ્યું હતું. સાથે જ ૪૫ કે તેથી વધુ વયના તમામ નાગરિકો પણ વેક્સિન સત્વરે લઈ લે એ માટે લોકોને હકારાત્મક સમજ આપવા તેમણે જણાવ્યું હતું.

## રોઝે કે ફઝાઈલ વ રમઝાનુલ મુબારક કી શાન

હુઝુર અલ્લાહો અલય હે વઆલેહી વસલ્લમ ને ફરમાયા ખુદાતાલા ઈર્શાદ હે કે રોઝા ખાસ મેરે લિયે હૈ ઓર ઉસકા બદલા મેં ખુદા દુંગા રોઝદાર કે ગુનાહ ધુલ જાતે હે રોઝા દોઝ ખસે બચાને કી ઢાલ હૈ.
પ્યારે આશા સલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમને ફરમાયા કે મેરી ઉમ્મતકી અનાખ્ત (પેહચાન) રોઝા હૈ ઈસલીયે હર ઉમ્મીતીકો અપને અંદર યે સલામત કાઈમ રાખની ચાહિયે હકીસ શરીફ મે એક જગહ આયા હૈ કે કયામત કે દીન ગુનાહગારો કો દો ઝખમે ડાલા જાએગા. આગ ઉસસે ભાગેગી દારોગા આગ સે કહેગા તુ કયો નહી ઉસે જલાતી ? આગ જવાબ દેગી મેં ઉસકો કૈસે જલા સકતી હું ? મેરે અંદર ઈતની તાકત વ કુવ્વત નહી હૈ કે મૈં ઉસે જલાસકૂ ઉસકી વજહ યે હૈ કે ઉસકે મુંહસે રોઝે કી ખુશ્બુ ઐસી આતી હૈ કે મૈ ઉસસે ભાગતી હું માલિકે દારોગા ઉસ શખ્સ સે દર્યાફત કરેગા કયાતુ રોઝદાર મરા થા ? વો કહેગા હા મૈ રોઝેકી હાલત મેં મરા થા ઉસકે બાદ ઉસ કે જન્નત જાને કા હુકમ દીયા જાએગા રોઝદાર કે વાસો કયામત કે દીન અશરફે નીચે સત્તર (૭૦) દસ્તરખ્વાન બિછે હુએ હોગે વો લોગ ઉસ પર બેઠકર ખાના ખાએગે ઔર સબ લોગ અભી હિસાબ મે મુબ્તેબા હોગે ઉનકો દેખકર વો લોગ કહેગે યે કૈસે લોગ હે કે ખાના ખા રહે હૈ ? ઔર હમ અભી હિસાબ મેં મુબ્તેલા હૈ ગૈબ સે ઉનકો જવાબ મિલેગા કે યે લોગ દુનિયા મે રોઝા રખતે થે યે ઉસીકમ બદલા હૈ ઔર તુમ દુનિયા મે રોઝે સે ભાગતે થે ઈસીલીયે અબ ભી પરેશાન હાલ હો સરવરે આમલ સલ્લલ્લાહો અલય હૈ વઆલેહિ વસ્સલમને ફરમાયા કે રોઝાદાર કા ખાના પીતા હત્તા કે સોરે હના ભી ઈબાદત હૈ ઔર ઉન લોગો કા સાંસ લેના તસ્બી હૈ ઔર ઉનકી દુઆ ફૌરન કુબુલ હો જાતી હૈ.
હુઝુર સલ્લલ્લાહો અલય હે વસાલેહિ વસલ્લમને ફરમાયા કે બહિશ્ત (જન્નત) કે આઠ દરવાજે હૈ ઉનમે સે એક દરવાજો કા નામ રિયાન હૈ ઔર ઉસ દરવાજે સે સિર્ફ ઔર સિર્ફ રોઝદાર હી દાખીલ હોગે કયામત સે એક શખ્સ કો ફરિશ્તે આગ કે ગાર મેં મારતે હુએ લાએગે વો શખ્સ પ્યારે આકા સલ્લલ્લાહો અલય હૈ વઆલેહિ વસલ્લમ સે ફરિયાદ કરેગા આપ દરિયાફત કરેગે (યાને પૂછેગે) ઉસને કયા ગુના કિયા હૈ? ફરિશ્તે અર્જ કરેગે કે અય હુઝુર અલ્લાલહો અલય હે વઆલે હિ વસલ્લમા ઈસને રમઝાન કા મહિના પાયા મગર ઉસમે અલ્લાહ તઆલા કી ના ફરમાની કી યાની રોઝા નહી રખ્ખા આપ ઉસકી શફાઅત કા ઈરાદા ફરમાએગે તો ફરિશ્તે ફિર અર્જ કરેગે અય હમારે આકા રમઝાન ઈસકા દુશ્મન હૈ સરકાર સલ્લાલ્લાહો અલય હે વઆલે હિ વસલ્લમ યે સુનકર ફરમાએંગે કે રમઝાન જિસકો દુશ્મન રખતા હૈ મેં ઉસસે બરી હુ (યાની ઉસકી શફાઅત મેરે જીમ્મે નહી હૈ (બ.હવાલા ફઝાઈલે રોઝા).

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૧૯/૪/૨૧ ચાંદ-૬ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૮૪ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૧ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

## લીમખેડાના અંધારી અને કુલપરી ગામે રાત્રિના સમયે ડી.જે.વગાડી જાહેરનામાંનો ભંગ કરનાર સંચાલકો વિરુદ્ધ ફરિયાદ

લીમખેડા,
લીમખેડા તાલુકાના અંધારી તથા કુલપરીમાં રાત્રિના સમયે મોટા અવાજે ડી.જે.વગાડી જિલ્લા કલેકટરના જાહેરનામાંનો ભંગ કરનાર બે સંચાલકો તથા ચાંદલાવિધિના નિમંત્રક વિરુદ્ધ લીમખેડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.
લીમખેડાના કુલપરી ગામના નદી ફળિયામાં રહેતા મણીલાલ સુરતાન ભાભોરના ઘરે ચાંદલાવિધિના કાર્યક્રમમાં રાત્રિના સમયે ૨૫૦ જેટલા માણસો ટોળે ટોળા વળી મોટા અવાજે ડી.જે.ના તાલે નાચગાન કરતા હતા. લીમખેડા પોલીસ મણીલાલ ભાભોર તથા ડી.જે.ના સંચાલક કાનસિંગ બહાદુર પરમાર (રહે.ભીલપાનીયા) વિરુદ્ધ જિલ્લા કલેકટરના જાહેરનામાંનો ભંગ કર્યા બદલનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે અંધારી ગામના પરમાર ફળિયામાં રહેતા નરવત શના સુવાણના ઘરે ચાંદલાવિધિના કાર્યક્રમ દરમિયાન રાત્રિના સમયે ડી.જે.ના સંચાલક ભગવાનસિંહ વિક્રમસિંહ ઠાકોર મોટા અવાજે ડી.જે.વગાડી ૩૫ જેટલા માણસોનુ ટોળુ ભેગુ કરી નાચગાન કરાવતો હોઈ પોલીસે તેના વિરુદ્ધ પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 200

## ઘોઘંબા તાલુકા પંચા. ઉપપ્રમુખ છેલુભાઈ ના પુત્રના લગ્નમાં ડીજે પાર્ટી

# લગ્નમાં મોટી સંખ્યામાં લોકો ડીજેમાં નાચ્યા : વીડીયો વાયરલ થતાં વરરાજા સહીત ૧૦ સામે ફરીયાદ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ગુજરાત રાજયમાં કોવિડ-૧૯ નાં કેસોમાં ધમધમો જોવા મળી રહ્યો છે.કોવિડ-૧૯ ના સંક્રમણ માં ઝપટાં યેલા વ્યક્તિઓનાં મોત પણ નિપજી રહ્યા છે.જયારે આવી જીવન-મરણની કટોકટી માં પંચમહાલ જિલ્લામાં ભાજપનાં નેતાઓએ ભારે કરી છે. પંચમહાલ જિલ્લામાં એક જ અઠવાડિયામાં ભાજપ નેતાઓ ક્યાંક ચુંટણી ને લઈ કાંતો નેતાઓ નાં ઘરનાં લગ્ન પંરસંગોને લઈને સરકાર નાં નિયમોના ખુલે ચોક ધજીયાં ઉડાડી ભાજપ ની જ છબીને ખરડી રહ્યાં છે. એવું જ કાંઈક ૧૨૫ વિધાન સભાની ચૂંટણી માં ભાજપનાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની મોરવા હડપની રેલી પછી પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકા પંચાયતનાં ઝોઝ ગામના ઉપપ્રમુખ છેલુભાઈ રાઠવાના ઘરે પોતાના પુત્રના લગ્નમાં કોરોનાં મહામારીમાં પણ જિલ્લા કલેક્ટર દ્વારા જાહેર કરેલ ૫૦ વ્યક્તિ કરતાં વધુ સજન સ્નેહી ને આંમત્રણ આપેલ તેડેલ મહેમાનો એ જાહેર નામાનો ભંગ કરી મોટી માત્રામાં સ્વજન સ્નેહીને આપેલ આમંત્રણ મોંઘુ પડ્યું હતું. આ આમંત્રણ ને માણ આપી મહેમાનો પણ નેતાના પુત્રના લગ્ન ની મજા માણવા ઉત્સુક હતા. લગ્નની તૈયારીઓ સાથે ઘરે ડીઝેના તાલ સાથે રાત્રે ટીમલી ના નાચમાં ઝઝુમતા પરીવાર અને મહેમાનો માં માસ્ક અને સોશિઅલ ડિસ્ટન્સના નિયમોનું ખુલે ચોક ઉલંઘન કરતો વિડીયો વાયરલ થતાં નેતાને ઘરે બારે હડકંપ મચી જવા પામી હતી. જયારે લગ્ન પ્રસંગમાં લગ્નની કરાતી રીત રસમ પ્રમાણે ગોતેડાની વિધિ કરવા માટે માસ્ક આને સોશિઅલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવી પંચમહાલની ફેમસ ટીમલીના નાચ સાથે પંસગની રસમ મનાવા જતાં મહેમાનો પાસેથી પસાર થતી પોલીસ વાન પણ સોશિઅલ મિડીયામાં દ્રશ્યમાન થતાં પોલીસ સામે પણ સળગતાં સવાલો ઉભા થયા હતાં.જેને લઈ ને પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો.પંરતુ પોલીસ અધિક્ષકો દ્વારા આવા પંરસંગોને ગંભીરતાપૂર્વક નોંધ લઈને તાત્કાલિક અસરથી લગ્ન પ્રસંગમાં પધરામણી કરી વરરાજા સહિત તેના પરીવાર અને સાઉન્ડ સિસ્ટમ,ગોર મહારાજ, રસોઈયા તેમજ લગ્ન વિષયક કામગીરી કરનાર તમામ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો છે. સફાડી બનેલ પોલીસ સોશિઅલ મિડીયાના જોરે ઘોઘંબાના તાલુકાના ઉપપ્રમુખ નાં ઘરે પોંહચી પરીવાર સામે કાર્યવાહી કરવા લીલીઝંડી આપી હતી. નાયબ પોલીસ અધિક્ષકના નિવેદન અનુસાર જો આ પ્રસંગે પોલીસ પણ કસુરવાર હશે તો એવા પોલીસ કર્મી સામે પણ પગલાં લેવામાં આવશે.

## ઘોઘંબાના ઝોઝ ગામે લગ્ન પ્રસંગમાં નાતો સોશ્યલ ડિસ્ટન્સ નાતો માસ્કની અમલવારી : ૮ વ્યક્તિઓની ધરપકડ



ઘોઘંબા તાલુકાના ઝોઝ ગામે લગ્ન પ્રસંગમાં હાલ કોરોના મહામારીને વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. તેમાં પણ હાલ કોરોનાની બીજી લહેર ઘાતક છે. ત્યારે લગ્ન પ્રસંગોમાં ૫૦ વ્યકિતને ભેગા થવા ઉપર છુટ આપવામાં આવેલ છે. તેમ છતાં ઘોઘંબાના ઝોઝ ગામને ભાજપના આગેવાન રાજકારણી દ્વારા પુત્રના લગ્ન પ્રસંગમાં ડી.જે.ના મ્યુઝીક ઉપર સોશ્યલ ડિસ્ટન્સ નહિ જાળવીને ભેગા કરતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ૧૦ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી છે.

ઘોઘંબા તાલુકાના ઝોઝ ગામે રહેતા ભાજપના આગેવાન અને ઘોઘંબા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છેલાભાઈ ગબુભાઈ રાઠવાના પુત્રના લગ્નનો પ્રસંગ હોય આ લગ્ન પ્રસંગમાં કોરોના મહામારીને જયારે વૈશ્વિક મહામારી જાહેર કરીને કોવિડ-૧૯ મુજબ લોકોને ચેપ લાગવાની સંભાવના જોતાં ટોળા થવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમાં પણ હાલ કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણ ઝડપી ફેલાઈ રહ્યું છે. જેને ધ્યાનમાં રાખી જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને લગ્ન પ્રસંગમાં ૫૦ વ્યકિતને આમંત્રિક કરવા માટેની છુટ આપવામાં આવી છે. તેમ છતાં ઘોઘંબાના ઝોઝ ગામે રહેતા ભાજપના આગેવાન કોરોના મહામારીમાં પુત્રના લગ્ન પ્રસંગમાં ડી.જે. મ્યુઝીક સીસ્ટમ સાથે નાચગાન કરતા જોવા મળ્યા હતા. તેમાં સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ જોવા મળ્યો હતો. આ બાબતે પોલીસ માંડે માંડે જાગીને રાજગઢ પોલીસ મથકે છેલુભાઈ ગલુભાઈ રાઠવા, અનિલ છેલુભાઈ રાઠવા, નારૂભાઈ ગલુભાઈ રાઠવા, પ્રતાપભાઈ તજરૂભાઈ રાઠવા, જીવણભાઈ ગલુભાઈ રાઠવા, રાકેશભાઈ હરસીંગભાઈ રાઠવા, વિપુલભાઈ કેસુભાઈ રાઠવા, અરવિદભાઈ બાશમાભાઈ રાઠવા, ગોવિંદાભઈ મનુભાઈ રાઠવા, હિરાભાઈ ગોરધનભાઈ રાઠવા વિરૂદ્ધ આઈ.પી.સી. ૨૬૯, ૨૭૦, ૧૮૮, ૧૧૪ તથા એપીડીમેક ડીસીઝ એક્ટ-૩ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૭૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના મહામારી હવે અજગરી ભરડો લઈ રહી છે. પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં ઘરખમ વધારો થઈ રહ્યો છે. જે ગતિ થી કોરોના સંક્રમિત દર્દીઓ વધી રહ્યો છે. તે જોતા આરોગ્ય વિભા અને જીલ્લા વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. આજરોજ જીલ્લામા ૭૭ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. તેમાં પણ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે તંત્ર માટે પડકારરૂપ બનશે તેમ હાલમાં વધતા જતા કોરોના કેસને જોતા લાગી રહ્યું છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક પુરવાર થઈ રહી છે. કારણ કે કોરનાના બીજા સ્ટ્રેનમાં કોરોના સંક્રમણ રોકેટ ગતિથી લોકોને સંક્રમિત કરી રહ્યું છે. બીજા સ્ટ્રેનન કોરોના સંક્રમણના કેસમાં મૃત્યઆંક પણ જે પ્રમાણે વધી રહ્યો છે. તે આગામી સમયમાં ઉભી થનાર ભયાવહ સ્થિતીનો ચિતાર આપી છે. સરકાર દ્વારા કોરોના સંક્રમણને કાબુમાં લેવા માટે કોવિડની નવી ગાઈડ લાઈન જારી કરી છે અને સભા, સરઘસ ઉપર પ્રતિબંધ મુકયો છે. જયારે લગ્ન સમારંભ માટે ૫૦ આમંત્રિતને ભેગા કરવા માટેની જાહેરાત કરાઈ છે. તે પ્રમાણે સ્મશાન વિધીમાં ૨૦ લોકોને ભેગા થવાની છુટ આપવામાં આવી છે. સરકાર દ્વારા તેમજ વહીવટી તંત્ર દ્વારા કોરોના મહામારીને દયાનમાં રાખીને સંક્રમણ વધે નહિ તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તે છતાં પંચમહાલ જીલ્લામાં હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે. આવા લગ્ન સમારોહમાં કોવિડ ગાઈડ લાઈનની અવલવારી થી જોવા મળતી નથી. પરિણામ સ્વરૂપ કોરોના સંક્રમણ વધી રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં કોરોનાની પ્રથમ લહેરમાં શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણ જોવા મળી રહ્યું હતું. તે બીજા સ્ટ્રેનમાં વધ્યું છે. તેમા પણ હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ લોકોના કોરોના સંક્રમણન ભરડામાં લઈ રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ અને કોરોના વેકસીન લેવા ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે. તેમ છતાં જીલ્લાવાસીઓ કોરોના મહામારીને ગંભીરતા થી લઈ રહ્યા નથી અને માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવતા નથી અને ભીડભાડવાળા વિસ્તારમાં ભેગા થતા હોય છે. પરિણામે તેવા લોકોનો કોરોનાના સંક્રમણમાં આવે છે. સાથે પરિવારને પણ કોરોના સંક્રમણનો ભોગ બનાવી રહ્યા છે. ત્યારે કોરોના મહામારીની બીજી લહેરને ગંભીરતા થી લઈને માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરી પોતાની જાતને તેમજ પરિવારને કોરોના સંક્રમણ થી બચાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

આજરોજ પંચમહાલ જીલ્લામાં ૭૭ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેમા શહેરી વિસ્તાર ગોધરા-૪૧૪૧, હાલોલ-૬, કાલોલ-૨ અને શહેરા-૧ કેસ નોંધાયા છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા-૭, હાલોલ-૮, કાલોલ-૧, શહેરા-૬, જાંબુઘોડા-૨, ઘોઘંબા-૩ કેસ નોંધાયા છે. જીલ્લામાં પ્રતિદિન વધતા જતાં કોરોના સંક્રમિત દર્દીઓની સામે દર્દીઓના સાજા થવાનો રીકવરી રેડ ખૂબ ઓછા જોવા મળી રહ્યા છે. આજરોજ ૩૭ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં સક્રિય કેસનો આંક વધીને ૫૪૭ થયો છે. જેને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે અને કોરોનાની બીજી લહેરમાં ભવિષ્યમાં ઉભી થનાર છે. આરોગ્યલક્ષી સેવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોનાની સ્થિતી

: શહેરી વિસ્તારો :
ગોધરા-૪૧
હાલોલ-૦૬
કાલોલ-૦૨
શહેરા-૦૧

: ગ્રામ્ય વિસ્તારો :
ગોધરા-૦૭
હાલોલ-૦૮
કાલોલ-૦૧
ઘોઘંબા-૦૩
શહેરા-૦૬
જાંબુઘોડા-૦૨

સક્રિય કેસ-૫૪૭
રજા અપાઈ - ૨૭
મૃત્યુઆંક - ૦૦

## શહેરા-પાનમ ડેમ માર્ગ પર પાંગળી માતાના મંદિરે દર્શન માટે ભેગા થયેલ લોકોમાં માસ્ક વગર ફરતા ચાર વ્યકિત સામે ફરિયાદ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના પાનમ ડેમ તરફ જવાના માર્ગ ઉપર આવેલ પૌરાણિક પાંગળી માતાના મંદિર ખાતે અનેક ભકતોની આસ્થા જોડાયેલી હોવાથી રવિવારના રોજ ભાવિક ભકતો દર્શન કરવા માટે આવ્યા હતા. અચાનક કોઠંબા પોલીસ એ મંદિર ખાતે આવી જઈને માસ્ક ને લઈને કાર્યવાહી હાથધરી હતી. મંદિર ખાતે દર્શને આવેલા ભક્તોએ પોલીસની આ કાર્યવાહીનો વિરોધ કરવા સાથે પોલીસની ગાડી આગળ ઊભા રહીને અટકાવી દીધી હતી.પોલીસે ચાર વ્યકિતઓ સામે માસ્ક નહિ પહેરેલ હોવાથી નિયમોનુસાર કાર્યવાહી માટે પોલીસ મથક ખાતે લઇ ગયા હતા.

શહેરાથી પાનમ પાટીયા થઈને પાનમ ડેમ તરફ જવાના માર્ગ ઉપર ગઢ પાસે વર્ષો જૂનું પૌરાણિક પાઘડી માતાનું પાંગળી માતાનું મંદિર આવેલું છે. આ મંદિર ખાતે ઘણા બધા ભકતોની આસ્થા જોડાયેલી હોવાથી રવિવારના રોજ દર્શન માટે માઈ ભકતો આવ્યા હતા. મંદિર એ દર્શનાર્થીઓ માતાજી ના દર્શન કરી રહ્યા હતા. તે સમયે કોઠંબા પોલીસ મથકના પોલીસ કર્મી છેલાભાઈ, રમેશભાઈ રાવલ સહિતનો પોલીસ સ્ટાફ એ માસ્ક ને લઈને અહી જરૂરી કાર્યવાહી હાથધરી હતી. મંદિર ખાતે પોલીસ કર્મીઓએ માસ્ક નહિ પહેરેલ અને અમુક દર્શનાર્થીઓનું મો ઉપર માસ્ક થોડું નીચું હોય તો પણ નિયમો દેખાડી ને કાર્યવાહી કરતા નજરે પડ્યા હતા. જેને લઈને થોડી વાર માટે માઈ ભકતો એ પોલીસની આ કાર્યવાહીનો સખત વિરોધ કર્યો હતો. પોલીસે મંદિર ખાતેથી ચાર વ્યકિતઓ ને માસ્ક ને લઈને પોલીસ ગાડી માં બેસાડી દેતા પોલીસની ગાડી ને આગળ જતી થોડીવાર માટે અટકાવી દીધી હતી. પોલીસે ચાર વ્યકિતઓને ગાડીમાં બેસાડ્યા હતા. તેમના પરિવારજનોએ પોલીસ સમક્ષ બે હાથ જોડીને છોડી મૂકવા માટે આજીજી કરતા નજરે પડ્યા હતા. તેમ છતાં પોલીસ દ્વારા માસ્ક નહિ પહેરેલ તમામને પોલીસ મથક ખાતે લઇ જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. ઉલ્લેખનીય છે કે, પૌરાણિક પાંગળી માતાના મંદિરે ગ્રામીણ વિસ્તારમાંથી માઈ ભકતો અહી દર્શને આવ્યા હતા. માસ્ક નહિ પહેરેલ સામે પોલીસે જે કાર્યવાહી કરી તેમાંથી અમુક દર્શને આવ્યા હોવા સાથે બાધા પૂરી કરવા આવ્યા હતા. ગરીબ હોવા સાથે તેઓ પાસે રૂપિયા પણ નહિ હોવાથી દંડ પણ કયાંથી ભરી શકે તેવી પરિસ્થિતિ હોવા છતાં પોલીસ ને કોઈ દયા પણ આવી ના હતી. પોલીસ તે સમયે માત્ર નિયમો દેખાડી ને રોફ જમાવતી હોય તેવું અહી દર્શને આવેલા ભકતો માં ચર્ચાઈ રહ્યું છે.

પોલીસ દ્વારા ધાર્મિક સ્થળો ખાતે કોરોના ના કહેર વચ્ચે માસ્ક ને લઈને કાર્યવાહી કરતા ખચકાતા નથી. જયારે મોરવા હડફની પેટા ચૂંટણી પૂર્ણ થયા બાદ સરકારી વિનયન કોલેજ ખાતે પોલીસ સમક્ષ પોલિંગ સ્ટાફ એ કોરોનાના ગાઈડલાઈન નું પાલન નહિ કર્યું હતું. તે સમય નિયમો લાગુ પડતાં નહી હોય કે શું ? તેવા અનેક સવાલો લોકો માંથી ઊઠી રહ્યા છે.

## મોરવા હડફ વિધાનસભા બેઠક પેટા ચૂંટણીમાં ૪૨.૬૦ ટકા મતદાન


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

ગોધરા,

પંચમહાલ જિલ્લાની મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રીયા થઈ હતી. જિલ્લા ચૂંટણી તંત્રના જણાવ્યા મુજબ સાંજના ૬:૦૦ કલાક સુધીમાં ૫૨૦૨૮ પુરૂષો અને ૪૧૩૩૮ મહિલાઓ સહિત કુલ ૯૩૩૬૬ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરતા ૪૨.૬૦ ટકા મતદાન નોંધાયું હતું.

મતદાન પ્રક્રીયા દરમિયાન એક કન્ટ્રોલ યુનિટ, એક બેલેટ યુનિટ અને એક વીવીપેટ ખોટકાઇ જતાં તેને તત્કાલ રિપ્લેસ કરવામાં આવ્યા હતા. જિલ્લા ચૂંટણી તંત્રએ એમ પણ જણાવ્યું કે, મોરવા હફડની પેટા ચૂંટણીમાં કોઈ પણ સ્થળે અનિચ્છીય બનાવ નોંધાયો નથી.

કોવિડ-૧૯ની મહામારી વચ્ચે સમગ્ર મતદાન પ્રક્રીયા શાંતિપૂર્ણ માહોલમાં યોજાતા કલેકટર અમિત અરોરાએ તમામ ચૂંટણીકર્મીઓની જહેમતને બિરદાવી હતી. આ ઉપરાંત લોકશાહીના આ પર્વમાં સહભાગી થનારા તમામ નાગરિકો, રાજકીય પક્ષો, મીડિયાકર્મીઓ પ્રત્યે તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

હવે, આગામી તા.બીજી મેના રોજ આ પેટાચૂંટણીની મતગણના સરકારી કોલેજ, મોરવા હડફ ખાતે હાથ ધરવામાં આવશે. ત્યાં સુધી ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સુરક્ષિત રાખવામાં આવશે.

## મોરવા(હ)ના સુલીયાત ખાતે ડી.જે ટેમ્પો પલ્ટી ખાતા એક વ્યક્તિ નું મોત



મોરવા(હ),

મોરવા હડફ તાલુકાના સુલીયાત ગામે ડી.જે ટેમ્પો પલ્ટી ખાઈ જતાં એક વ્યકિત નું મોત નીપજયું હતું અને ઘટના સ્થળ ઉપર ૧૦૮ ને બોલાવીને લાશ ને મોરા સરકારી દવાખાને મોકલેલ અને ડોકટર તપાસ કરતા મરણ પામેલ જાહેર કરવામાં આવ્યા હતા. હાલનો આ મામલે પોલીસ ફરિયાદ નોંધાતાં મોરવા હડફ પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા સાતપુલ પાસેથી કત્તલના ઈરાદે બાંધી રાખેલ પાંચ ગૌવંશને બચાવ્યા

ગોધરા,

ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, મરીયમ મસ્જીદ પાછળ પટેલ બોર્ડની નજીક નીલગીરીની ઝાડીઓમાં કત્તલના ઈરાદે ગૌવંશ લાવીને બાંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી પાંચ ગૌવંશ કિંમત ૮૦,૦૦૦/-રૂપીયાના કબ્જે લઈને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, મરીયમ મસ્જીદ પાછળ પટેલ બોર્ડની મીલ નજીક નીલગરીના ઝાડીઓમાં ઝાયલો ગાડી નંબર જીજે.૦૭.એઆર. ૨૯૬૧માં કત્તલના ઈરાદે ગૌવંશ લાવવામાં આવ્યા છે. અને ઝાડીઓમાં બાંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી અને પાંચ ગૌવંશ કિંમત ૮૦,૦૦૦/-રૂપીયાને બચાવી લેવામાં આવ્યા હતા. પોલીસે ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે આરોપી ઐયુબભાઈ જમાલ વિરૂદ્ધ પશુ અત્યારચાર ગુના હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.